વડીલોને વંદન

અભિનંદન



રાજેન્દ્રસિંહ ડી. રાઠોડ
(૧૯૫૧)મો. ૯૪૨૮૩૫૦૫૦૩

બ્રાહ્મણ સમાજનું ગૌરવ

ભિલોડા, તા.૧

ભિલોડા તાલુકાના ખેરાડી ગામના ડાં.ચંદુલાલ એસ.જોષીની



પૌત્રી કુમારી પ્રાચિબેન ચિંતનકુમાર જોષી ધોરણ.૧૦ એસ.વી.દેસાઈ વિદ્યામંદીર ખેરાડીમાં અભ્યાસ કરતી હતી.

પ્રાચિ જોષીએ ૯૯.૩૬ પી.આર.મેળવી વિરાટ સિધ્ધી હાંસલ કરેલ છે. ભિલોડા તાલુકાના વાંકાનેર સેન્ટરમાં પ્રથમ આવેલ છે. બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધારતાં અગ્રણીઓએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.

આજે લક્ષ્મીપુરામાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

લક્ષ્મીપુરા, તા.૧

કસ્તુરભાઈ લાલભાઈના પનોતા પુત્ર શ્રેણીકભાઈનું ગત ૧૯-૬-૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયું છે.

અરવલ્લીની ગિરીકંદરા સમા લક્ષ્મીપુરા ગામની આરોગ્ય, શૈક્ષણિક અને અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સહાનુભૂતિ દાખવનાર સ્વ. શ્રેણિકભાઈને શ્રધ્ધાંજલિ આપવા માટે આજે કે.એલ. હોસ્પિટલ લક્ષ્મીપુરા ખાતે સવારે ૯.૪૫ કલાકે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે.

જિલ્લામાં ચોરીનો ઉપદ્રવ : રોજ એક ચોરી પોલીસના ચોપડે

દારૂ, જુગાર, ખુન અને ચોરીમાં ગાંધીનગર તાલુકો મોખરે : બે વર્ષમાં જિલ્લામાં જુગારના ૪૨૧ ગુના

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ખૂનના ૨૧ બળાત્કારના ૧૬ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા છે. આ ઉપરાંત જિલ્લામાં ચોરીના સૌથી વધુ ૩૬૩ બનાવો બનવા પામ્યા છે. બે વર્ષ દરમિયાન જુગારના પણ ૪૨૧ ગુનાઓ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ગુના ગાંધીનગર તાલુકામાં ૨૧૯ નોંધાયા જયારે સૌથી ઓછા માણસા તાલુકામાં ૨૩ જુગારના ગુનાઓ નોંધાયા છે. જિલ્લામાં ચોરીનો ઉપદ્રવ વધી રહ્યો હોવાનું સ્પષ્ટ થયું છે. દરરોજ ચોરીનો એક બનાવ પોલીસ ચોપડે નોંધાતો હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

વિધાનસભાના સત્ર દરમિયાન માણસા વિસ્તારના ધારાસભ્ય અમિત ચૌધરીએ ગાંધીનગર અને મહેસાણા શહેર અને જિલ્લામાં ખુન, લુંટ, બળાત્કાર, ચોરી સહિતના કેટલા ગુનાઓ છેલ્લા એક વર્ષમાં નોંધાયા છે તે અંગે મુખ્યમંત્રીને ઁ પૂછ્યો હતો. જેના જવાબના આધારે ધ્યાને આવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ખૂનના ૨૧, લુંટના ૧૭, બળાત્કારના ૧૬, અપહરણના ૭૮, ચેઈન સ્નેચિંગના ૨૮, ધાડના ૩, અપમૃત્યુના ૨૫, દારૂના ૨,૨૮૪, તેમજ ચોરીના ૩૬૩ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા છે. જિલ્લામાં ચોરીના સૌથી વિશેષ બનાવો નોંધાયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ પૈકી ગાંધીનગર તાલુકામાં જ એક વર્ષમાં ચોરીના ૨૩૫ ગુનાઓ નોંધાયા છે. જયારે ખુનના ૧૨ અને ચેઈન સ્નેચિંગના ૨૪ તેમજ અપહરણના ૨૭, અને અપમૃત્યુના ૧૦ આ ઉપરાંત દારૂના પણ ૧૧૬૧ ગુનાઓ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. અન્ય તાલુકાઓની સાપેક્ષમાં ગુનાખોરીની દ્રષ્ટિએ ગાંધીનગર તાલુકામાં વિશેષ બનાવો બનવા પામ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

મોડાસાની સહકારી જીનના કચરામાં આગ લાગતા દોડધામ

મોડાસા, તા.૧

મોડાસાના મેઘરજ રોડ પર આવલી સહકારી જીનમાં પડેલા કચરામાં અચાનક આગ લાગતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. તાત્કાલિક મોડાસા નગરપાલિકાનું ફાયર ફાઈટર બોલાવીને આગ કાબુમાં લીધી હતી. સમયસર આગ કાબુમાં ના લેવાઈ હોત તો લાખોનું નુકશાન થવાની સંભાવના હતી.



(તસવીર : અહેમદ ઉલ્લાખાન)

મોડાસાના મેઘરજ રોડ પર મોડાસા સહકારી જીન આવેલી છે આ જીનમાં આવેલા મોબાઈલ ટાવર પાસેની જગ્યામાં ઘણા સમયથી બિનઉપયોગી કચરો ભેગો થયો હતો. તેમાં સાફસફાઈ કર્યા બાદ અચાનક ભરબપોરે આગ લાગતાં સહકારી જીન, નર્મદા ડેપોના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

આગે પવનના કારણે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આ આગ બાજુમાં જ આવેલ સહકારી સંઘના ગોડાઉન સુધી ફેલાય તેવી શકયતા હતી. પરિસ્થિતિ કાબુ બહાર જતી રહે તે પહેલાં મોડાસા નગરપાલિકાના ફાયર ફાઈટર વિભાગને જાણ કરવામાં આવતાં તાત્કાલિક ટીમ પહોંચી ગઈ હતી અને ભારે મહેનત બાદ આગ કાબુમાં લીધી હતી. આ આગ સમયસર બુઝાવવામાં ન આવી હોત તો મોબાઈલ ટાવરના જનરેટર, બેટરી રૂમ કેબલને લાખો રૂપિયાનું નુકશાન થયું હોત આમ આખરે આગ બુઝાતાં એકત્રિત લોકોના જીવ નીચે બેઠા હતા.

જાખોરા ગામની ૨૨ વર્ષીય યુવતી બે દિવસથી લાપતા

ગાંધીનગરના ચિલોડા નજીક આવેલા જાખોરા વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય યુવતી સોનલબેન કમલેશભાઈ મકવાણા સોમવારે બપોરના અરસામાં પોતાના ઘરેથી સાદરા ગામમાં રહેતી સહેલીના ઘરે જવાનું કહીને નીકળી હતી. આજે બે દિવસ બાદ પણ તેણીનો કોઈ જ પત્તો લાગ્યો નથી કે તે ઘરે પણ પરત ફરી નથી. ચિંતિત પરિવારજનોએ કરેલી દિવસ-રાત શોધખોળ બાદ પણ તેણીના ક્યાયથી સગડ ન મળતા યુવતીના પિતા કમલેશભાઈએ ચિલોડા પોલીસ મથકે દીકરી ગુમ થયા અંગેની જાણવાજોગ નોંધાવી છે.

બ્રહ્મસમાજ શિવ મહિમ્ન પાઠ કરશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા સતત છેલ્લા ૧૦ વર્ષથી શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથની સ્તુતિ વંદના અને શિવ મહિમ્ન પાઠ કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૭-૭-૨૦૧૪ના રવિવારથી શરૂ થતા શ્રાવણ માસમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ના પરિવારના ઘરે રાત્રીના ૯ થી ૧૦ દરમિયાન સ્તુતિ વંદના અને શિવ મહિમ્ન પાઠ કરવાનું આયોજન કરવામાં આવેલ છે અને પાઠની નોંધણી વહેલા તે પહેલાના ધોરણે શરુ કરવામાં આવેલ છે તેથી બ્રહ્મસમાજ સેકટર-૨૩ના પરિવારના જે ભાવિક ભકતોએ પાઠ નોંધાવવો હોય તેઓએ નરેન્દ્ર વ્યાસ મો. ૯૮૯૮૦ ૩૨૬૫૯નો સંપર્ક કરવા વિનંતી છે તેમ પ્રમુખ મુકેશ શુકલએ જણાવ્યું છે.

ધાડ પાડતા પહેલા જ પકડાયેલી ગેંગ સેન્ટ્રલ જેલમાં

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સીનીયર સીટીઝનને ત્યાં ધાડ પાડવાના ઈરાદે આવી પહોંચેલી એક ગેંગ જથ્થાબંધ હથિયારો સાથે પોલીસના હાથે ઝડપાઈ ગઈ હતી. મહારાષ્ટ્ર પાસિંગની ઝેન ગાડી લઈને આ ગેંગ સે-૧ ગાયત્રી મંદિર રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે શંકાના આધારે સે-૭ પોલીસની ટીમે પકડીને તેની તપાસણી કરતા થોકબંધ હથિયારો ગાડીમાંથી મળી આવ્યા હતા. ગાંધીનગરમાં ધાડ પાડવાનો પ્લાન નડિયાદથી જ ઘડીને આવેલા પાંચેય શખ્સોની ધરપકડ કરીને પોલીસે કોર્ટમાં રજુ કરતા કોર્ટે ચાર દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. રીમાન્ડ પુરા થતા ગેંગને પોલીસે સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા છે.

સેકટર-૭ પોલીસની ટીમે મહારાષ્ટ્ર પાસિંગની એક ઝેન ગાડી સેક્ટર-૧ ગાયત્રી મંદિર રોડ પરથી પકડી પાડી હતી. ચેકિંગ કરતા કારમાંથી છરા, પક્કડ, આરી, કરવતી, સહિતના ઘરફોડ તથા લુંટ જેવા ગુનાને અંજામ આપવા માટે વપરાય તેવા સંખ્યાબંધ હથિયારો સાથે પાંચ શખ્સો બેઠેલા મળી આવ્યા હતા. સે-૭ પોલીસની ટીમે તે પાંચેયને ઉઠાવીને ડી પૂછતાછ કરતા બહાર આવ્યું કે તે પાંચેય નડિયાદથી જ ગાંધીનગરના સે-૧ અથવા સે-૮ માં કોઈ પણ અશક્ત સીનીયર સિટીઝનને ત્યાં ધાડ પડવાના પ્લાનીગ સાથે ગાંધીનગર આવ્યા હોવાનું ખુલ્યું હતું.

ખેડા જીલ્લાના કપડવંજ કઠલાલ વિસ્તારના રાજેન્દ્ર કરતારસિંગ રાજપૂત, તથા નડિયાદના અલગ અલગ વિસ્તારના અન્ય ચાર શખ્સો ચંદુ નારણ તળપદા, મોતી સોમા તળપદા, વિનુ પુંજા તળપદા અને વાસીદ મોના તળપદા મળીને પાંચેય શખ્સોની હથિયારો સાથે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચેયના ચાર દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. પૂછતાછ કરતા બહાર આવ્યું છે કે નડિયાદ અને આણંદ વિસ્તારમાં પાંચેક ઘરફોડ અને લુંટ જેવા ગુનાઓ આ ગેંગે આચર્યા છે. રીમાન્ડ પુરા થતા આજે ગેંગને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપી છે.

સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષની કરવેરા અંગેની દરખાસ્તો

આંતરરાજ્ય વેચાણોમાં વપરાયેલ માલની રાજ્યમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેક્સ ક્રેડીટ

● રાજ્યમાં ઉત્પાદન કરતા એકમોની આંતરરાજ્ય વેપારમાં હરિફાઈ કરવાની ક્ષમતામાં વધારો થાય અને રાજ્યના ઉદ્યોગ ધંધાનો વિકાસ થાય તે હેતુને ધ્યાનમાં રાખીને આંતરરાજ્ય વેચાણોમાં વપરાયેલા માલની રાજ્યમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેક્સ ક્રેડીટ બે(૨) ટકા ઘટાડવાને બદલે હવે એક(૧) ટકો ઘટાડવા માટે દરખાસ્ત.

● આ દરખાસ્તનો અમલ તા. ૧-૧૦-૨૦૧૪ થી કરવામાં આવશે.

ગૃપ વપરાશ માટેના એલ.પી.જી.

● ગૃહ વપરાશ માટેના એલ.પી.જી.ના વેચાણો પરત્વે ન્યાય વ્યવસ્થામાં કેન્દ્રીય વેચાણવેરા કાયદાની સંબંધિત જોગવાઈના અર્થઘટનના કારણે રાજ્યને વેરાકીય આવકમાં નુકશાન થાય છે.

● આ નુકશાન નિવારવા માટે ગૃહ વપરાશ માટેના એલ.પી.જી.ના વેચાણો પરત્વે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૫(૨) ના જાહેરનામાથી આપવામાં આવેલ વેરામુક્તિ અંગેની નોંધ કમી કરવા દરખાસ્ત.

● આમ કરવાથી રાજ્યના ગૃહ વપરાશના એલ.પી.જી.ના ભાવમાં કોઈ વધારો ન થાય તે માટે ગેસ કંપનીઓ મારફતે અલગથી વ્યવસ્થા કરવામાં આવશે.

● રાજ્યમાં ગૃહ વપરાશ માટેના એલ.પી.જી.ના ભાવ વધશે નહિ.

સિવિલ વર્કસ કોન્ટ્રાક્ટ

● તાજેતરમાં નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે ડેવલપર અને સિવિલ કોન્ટ્રાક્ટરોના કેટલાક વ્યવહારો વર્કસ કોન્ટ્રાક્ટ તરીકે વેરાપાત્ર.

સ્ટેમ્પ ડ્યુટી : ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ

● હાલના, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ-૧ના આર્ટિકલ-૫(જક) અને આર્ટિકલ ૪૫(જ)માં મિલકતના વિકાસ અથવા વેચાણ અથવા તબદીલી માટે કોઈ પ્રમોટર અથવા વિકાસકારને અથવા સત્તા આપવા સંબંધિત કરાર ડેવલપમેન્ટ એગ્રીમેન્ટમાં મિલકતની બજારકિંમતના એક ટકા પ્રમાણે સ્ટેમ્પ ડ્યુટી વસુલ લેવામાં આવે છે.

● આ લેખો સ્થાવર મિલકતની તબદીલીના જ થતા હોય તેના પર આર્ટિકલ-૨૦ પ્રમાણે ૩.૫ ટકા મુજબ સ્ટેમ્પ ડ્યુટી વસુલવાની દરખાસ્ત.

ભાગીદારીના લેખ

● ભાગીદારીની રચના વખતે ભાગીદાર સ્થાવર મિલકત મૂડી તરીકે લાવે ત્યારે જે તે મિલકત ભાગીદાર વ્યક્તિના નામેથી ભાગીદારી પેઢીના નામે તબહદીલ થતી હોય છે. આમ, આવા લેખથી મિલકતની તબદીલી પણ બને છે.

● આથી જે કિસ્સામાં સ્થાવર ભાગીદારી પેઢીના નામે તબદીલ થતી હોય તેવા ભાગીદારીના લેખોમાં આર્ટિકલ-૨૦ મુજબ ૩.૫ ટકા સ્ટેમ્પ ડ્યુટી વસૂલ લેવા માટે દરખાસ્ત.

મોટર વ્હીકલ ટેક્સમાં ફેરફારો

માલવાહક વાહન

● ૭૫૦૦ કિલોગ્રામથી વધુ ગ્રોસ વાહન વજન ધરાવતા માલ વાહક વાહન પર હાલ પ્રતિ ૧૦૦૦ કિલોગ્રામ કે તેના ભાગ ઉપર વાર્ષિક રૂ. ૬૫૦ લેખે મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે.

● આ દર વધારીને વાર્ષિક રૂ. ૮૦૦ કરવાની દરખાસ્ત.

● મોટર વાહન વેરાની આવકમાં ચાલુ નાણાંકીય વર્ષમાં અંદાજિત રૂ. ૪૦ કરોડનો વધારો થવાનો અંદાજ.

ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ

(૧) ડ્રાયવર સિવાય ૬ થી ૧૨ મુસાફરો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ માટે અનુક્રમે રૂ. ૧૫૦૦ અને રૂ. ૩૦૦૦ પ્રતિ બેઠક પ્રતિ વર્ષ દર રાખવાની દરખાસ્ત.

(૨) ડ્રાયવર સિવાય ૧૨ થી ૨૦ મુસાફરો સમાવાવની બેઠક ક્ષમતા ધરાવતી સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસના મોટર વાહન વેરાના હાલના દરમાં ફેરફાર કરી આ બંને કેટેગરી માટે રૂ. ૪૫૦૦ પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત.

(૩) ડ્રાયવર સિવાય ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી સામાન્ય અને લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસના મોટર વાહન વેરાના દરમાં ફેરફાર કરી સામાન્ય ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ તેમજ લકઝરી અથવા ટુરિસ્ટ ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ માટે વેરાનો દર અનુક્રમે રૂ. ૪૫૦૦ અને રૂ. ૭૮૦૦ પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત.

(૪) ડ્રાયવર સિવાય ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની ક્ષમતા ધરાવતી સ્લીપર ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ ઉપરના વેરાનો દર રૂ. ૧૩,૨૦૦ પ્રતિ બર્થ પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત.

(૫) સુપર લકઝરી ડેઝીગ્રેટેડ ઓમ્ની બસની અલગ કેટેગરી દાખલ કરવાની દરખાસ્ત જે અન્વયે ડ્રાયવર સિવાય ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની બેઠક ક્ષમતા ધરાવતી સુપર લકઝરી ડેઝીગ્રેટેડ ઓમ્ની બસ પર વેરાનો દર રૂ. ૯૦૦૦ પ્રતિ બેઠક પ્રતિ વર્ષ તેમજ ૨૦ થી વધુ મુસાફરો સમાવવાની ક્ષમતા ધરાવતી સ્લીપર સુપર લકઝરી ડેઝીગ્રેટેડ બસ પર વેરાનો દર રૂ. ૧૫૦૦૦ પ્રતિ બર્થ પ્રતિ વર્ષ રાખવાની દરખાસ્ત.

શબ્દાવલી - ૫૪૩૪

૧			૨	૩	■	૪	
	■	■	૫				■
૬		૭	■		■	૮	૯
	■	૧૦		■	૧૧	■	
■	૧૨		■	૧૩			
૧૪			■	૧૫		■	■
૧૬		■	■	૧૭			૧૮
	■	૧૯				■	

આડી ચાવી

૧. લમણાકુટ, માથાકુટ (૫)
૪. ડોસીમા, (માનવાચક)(૨)
૫. તબલા વગાડનાર (૪)
૬. વજ બનાવવા પોતાના હાડકાં આપનાર પ્રસિદ્ધ ઋષિ(૩)
૮. સાચુ (૨)
૧૦. ફાયદો (૨)
૧૨. ... શૉ, મોટી મોટી ચીજવસ્તુનું પ્રદર્શન યોજાય ત્યાં આવું નામ અપાય છે (૨)
૧૩. પરણેલી, પત્ની (૪)
૧૪. વાદી, ગાંસડી (૩)
૧૫. ત્યાં, ન્યાં (૨)
૧૬. એક માપ (૨)
૧૭. હવાલદાર (૪)
૧૯. ભાગીદાર (૪)

ઊભી ચાવી

૧. મગનો લોટના લાડુ (૪)
૨. મા-મમ્મી, માતાજી (૨)
૩. રીબીન, બોપટ્ટી (૩)
૪. દિવાસળીનું પેકેટ (૩)
૭. અંગારો (૪)
૯. ત્યજાયેલ સ્ત્રી (૩)
૧૧. એક મેળાનું નામ... નો મેળો (૫)
૧૨. ચોગાન, ખુલ્લી જગ્યા, પ્લોટ (૩)
૧૩. મકાઈની ધાણી (૪)
૧૪. વટાણા, એક કઠોળ (૩)
૧૮. મઠા જેવી છાશ-દૂધ કે પાણીનું શરબત-એક પીણું (૨)

શબ્દાવલી ૫૪૩૩ના જવાબ

આડી ચાવી :- (૧) હડતાલ (૪) બજર (૭) વાચક (૮) ખદખદ (૯) ઇકા (૧૦) ગોપના (૧૧) જરો (૧૨) બાતમીખાનુ (૧૫) રાજા (૧૬) ડોક (૧૭) જલજળીયા (૧૯) હોરહાન (૨૨) ધમની (૨૩) મજાક

ઊભી ચાવી :- (૧) હવાઇજહાજ (૨) ડચકારો (૩) તાક (૪) બદનામી (૫) જબ (૬) રદ (૮) ખપત (૧૦) ગોબાજાળી (૧૩) ખાડો (૧૪) નુકશાન (૧૫) રાજધાની (૧૮) ખાડો (૨૦) રજા (૨૧) હાક

આશાભરી મીટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓછો વરસાદ ૧૧૮ મી.મી. વર્ષ ૨૦૧૨માં નોંધાયો હતો. છેલ્લા દસ વર્ષની પેટર્ન જોઈએ તો જે વર્ષમાં જુન માસમાં વરસાદ ઓછો થયો હોય તે વર્ષે જુલાઈ માસમાં વધુ વરસાદ એકાદ અપવાદ બાદ કરતા જોવા મળ્યો છે. જેમાં વર્ષ ૨૦૦૬માં જયારે જુન માસમાં માત્ર ૬૯ મી.મી. હતો જયારે જુલાઈમાં ૩૨૫ મી.મી. વરસાદ થયો હતો. વર્ષ ૨૦૦૭માં જુનમાં ૩૮.૫ મી.મી. સામે જુલાઈમાં ૬૩૪ મી.મી., વર્ષ ૨૦૦૯માં જુનમાં માત્ર ૧ મી.મી. સામે જુલાઈમાં ૪૨૪.૨૫ મી.મી. અને ૨૦૧૧માં જુનમાં વરસાદ ના આવ્યો પણ જુલાઈમાં ૨૧૯.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. માત્ર વર્ષ ૨૦૧૨માં જુન માસના ૩૮ મી.મી. વરસાદ સામે જુલાઈમાં પણ માત્ર ૭૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. છેલ્લા દસ વર્ષમાં ચોમાસાના કુલ વરસાદની સરેરાશ ૮૯૫ મી.મી. નોંધાયો છે જેમાં વર્ષ ૨૦૦૭માં સૌથી વધુ ૧૩૬૯ અને સૌથી ઓછો વર્ષ ૨૦૦૯માં ૫૪૩ મી.મી. નોંધાયેલો છે.

બજેટમાં રાહતો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને મહાનગરની ગ્રાન્ટમાં ૩૨૪ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. રાજય સરકારે રોજગારીને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું છે. નર્મદા યોજનાને ચાવીરૂપ પ્રોજેક્ટના સ્વરૂપમાં પેશ કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન આખા ગુજરાતમાં શરૂ કરવામાં આવશે તેની જાહેરાત બજેટની નવી યોજનામાં કરવામાં આવી છે. વેલ્યુએડેડ ટેક્સમાં આંતરરાજય વેચાણોમાં વપરાયેલા માલની રાજયમાંથી કરવામાં આવેલી ખરીદી પરની ટેક્સ ક્રેડીટ બે ટકા ઘટાડવાના બદલે સરકારે એખ ટકો ઘટાડવા માટેની દરખાસ્ત કરી છે જેનો અમલ ૧લી ઓક્ટોબરથી થશે. ગૃહ વપરાશના એલપીજીમાં વેરામુક્તિ પાછી ખેંચવામાં આવતાં સરકારને ૧૫૦ કરોડની આવક પ્રાપ્ત થશે. સરકારે વેલ્યુ એડેડ ટેક્સમાં ૨૦૦ કરોડ, સ્ટેમ્પડ્યુટીમાં ૩૪ કરોડ અને મોટરવાહનમાં ૮૦ કરોડના વધારા સૂચવ્યા છે. વેલ્યુ એડેડ ટેક્સમાં ૩૨૨ કરોડની અને પેસેન્જર ટેક્સમાં ૧૦૦ કરોડની રાહતો આપી છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને કેબલ ટીવી મનોરંજન વેરાની સૂચિત તબદિલીના કારણે સરકારને ૯ કરોડનું નુકશાન જશે.

જાહેર નિવિદા

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર શહેર તથા ગ્રામ્ય દ્વારા વર્ષ-૨૦૧૪-૧૫ દરમિયાન યોજવામાં આવનાર વિવિધ પ્રવૃત્તિઓ માટે નીચે જણાવેલ કામગીરી માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. ભોજન / મંડપ ડેકોરેશન / વિડિયોગ્રાફી ફોટોગ્રાફી / વિવિધ રમતોના મેદાની સાધનો/ ગણવેશ / છાપકામ / કમ્પ્યુટર ઝેરોક્ષને લગતી કામગીરી / વાહન વ્યવહાર /સંગીતના સાધનો / ટ્રોફી મેડલ વગેરે માટે વાર્ષિક ધોરણે કામગીરી માટેરસ ધરાવતી પાર્ટીઓ પાસેથી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી રજાના દિવસો સાથે ટેન્ડર ફોર્મ રૂબરૂ મેળવી શરતોને આધીન ભરીને તારીખ : ૧૦/૭/૨૦૧૪ના રોજ સાંજના ૧૭-૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ૧૯૦/૨, ગ-ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

સહી/-
જિલ્લા રમત ગમત અધિકારી
ક્રમાંક/જિ.ર.ગ.અ./ /૨૦૧૪ ગાંધીનગર

મહત્વની જાહેરાતો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- મેડિકલ ઈજનેરીના વિદ્યાર્થીઓની ફૂડબિલ સહાયમાં ૪૦૦ રૂપિયાનો વધારો
- વંચિત વર્ગોના વિદ્યાર્થીઓને કોચિંગ ક્લાસિસ માટે સંસ્થાઓને વિદ્યાર્થી દિઠ ૨૦ હજારની સહાય અપાશે
- યુપીએસસીની પ્રિલિમરી પાસ કરે તેવા વિદ્યાર્થીને ૫૦ હજારની સહાય
- યુવતી યુપીએસસી પ્રિલિમરી પાસ કરે તો ૬૦ હજારની સહાય

સમાજ સુરક્ષા

- વિકલાંગોને લગ્ન માટે મળતી સહાય ૧૦ હજારથી વધારી ૨૦ હજાર કરાઈ
- મરણોત્તર સહાયની રકમ ૨૫૦૦થી વધારી ૫૦૦૦ કરાશે

કુટિર ઉદ્યોગ

- હાથશાળના કારીગરોને વ્યાજ સહાય યોજનાની જાહેરાત
- બાયર્સ સેલર્સ વિક, વેચાણ માટે વેબ પોર્ટલ, સહિતના કાર્યો માટે ૨૪ કરોડ
- કુંભાળી ગામના કારીગરોને આધૂનિક સાધનો સહિતના કાર્યો માટે ૧ કરોડ
- વેપાર માટે લોનની મર્યાદા ૨ લાખથી વધારી ૩ લાખ

માર્ગ અને પરિવહન

- ૯૫૦ નવી બસો શરૂ કરાશે
- બસ સ્ટેન્ડોના આધુનિકિકરણ માટે ૯૦ કરોડ
- બસ સંચાલનની કામગીરી અસરકારક બનાવવા ૧૪ કરોડ
- કન્સેશન પાસ માટે ૭૧૪ કરોડની સહાય
- વાહન નોંધણી માટે સ્માર્ટ કાર્ડ, વિતરણ વ્યવસ્થા સુદ્રઢ કરવા ૧૯ કરોડ
- નવા જિલ્લાઓમાં આરટીઓ કચેરી શરૂ કરવા ૧ કરોડ

પ્રવાસન માટે

- યાત્રાધામોના કામ માટે ૧૦૦ કરોડ
- સાપુતારા વિકાસ ૨૦ કરોડ
- ગોપનાથ પોરબંદર સહિતના વિકાસ માટે ૨૫ કરોડ
- ઈકો ટુરિઝમ અને ડેમ સાઈટના વિકાસ માટે ૮૧ કરોડ
- ચાંપાનેર સહિતના સ્થળે સાંસ્કૃતિક લાઈટ-સાઉન્ડ શૉ માટે ૧૫ કરોડ
- પ્રવાસન સ્થળે સ્વચ્છતા માટે ૧૦ કરોડ
- વડોદરામાં આજવાના વિકાસ માટે ૧૫ કરોડ
- ગુજરાતમાં એર શૉના આયોજન માટે ૧ કરોડ

શહેરી આવાસ

- મુખ્યમંત્રી ગૃહ યોજના ભાગ રૂપે ત્રણ લાખથી વધુ આવાસ બનાવવા ૧,૧૫૩ કરોડ
- જૂના મકાન નવા બનાવવા ૧૦ કરોડ
- વડોદરા, જામનગર, ભાવનગરમાં રિંગ રોડ બનવવા ૧૦૦ કરોડ

ગાંધી જન્મ જયંતિ સ્વચ્છતા આંદોલન

- ૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ સફાઈ આંદોલન ચાલશે
- બીપીએલ કુટુંબોને શૌચાલય સહાય, શાળાઓમાં શૌચાલય, સહિતના કામો ૨૬૮ કરોડ
- સ્વચ્છતા ગામ પ્રોત્સાહન માટે ૬૬ કરોડની જોગવાઈ
- ગ્રામ્ય વિસ્તારમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન

ઉર્જા ક્ષેત્રે

- સિક્કા અને ભાવનગર ખાતે વિજ ઉત્પાદન મથકો કાર્યરત કરવા આયોજન
- ૧ લાખથી વધુ કૃષિ વિજ જોડાણ આપવા ૧૦૬૨ કરોડની જોગવાઈ
- વિજળી વ્યાજબી ભાવે મળે એ માટે ૩૯૨૦ કરોડની સહાયની જોગવાઈ
- કરજણ ખાતે વિજ ઉત્પાદન પ્રોજેક્ટ આપવાનું આયોજન

ઓઈલ અને ગેસ

- જીએસપીસી દ્વારા ટૂંક સમયમાં ગેસનું વ્યાપારી ધોરણે ઉત્પાદન કરવાનું આયોજન
- જામનગર, ભાવનગર અને કચ્છમાં ૫૦ હજાર ગેસ જોડાણો આપવાની કામગીરી પૂરી કરાશે
- ઓએનજીસી દ્વારા દર ગણવાની પદ્ધતી બદલાવવાના કારણે રાજય સરકારને દસ હજાર કરોડનું નુકસાન ગયુ હતુ ત્યારે હવે હાઈકોર્ટનો ફેંસલો ગુજરાત સરકારની
- રફેણમાં આવતા સરકારને નુકસાન નહી થાય

પ્રવાસી ભારતીય દિવસનું ગૌરવ

- ૭ થી ૯ જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસ નીમિતે મહાત્મા મંદિરમાં ઉજવણીનું કેન્દ્ર સરકારનું આયોજન ગુજરાત માટે ગૌરવની વાત
- રાજયની ચાર કૃષિ યુનિવર્સિટીમાં સંશોધનો માટે ૩૬૧ કરોડની જોગવાઈ
- ડિજિટલ નકશા તૈયાર કરી જમીનની ગુણવત્તા પ્રશ્નોનું નિવારણ માટે ૨૫૦ કરોડ
- જળ સંપતિ માટે ૩૫૭૦ કરોડની જોગવાઈ
- સૌની યોજના માટે ૧૨૯૬ કરોડની ફાળવણી
- માણસા અને જોટાણા તાલુકાની યોજના માટે છ કરોડ
- બાગાયાત વૃધ્ધિ વિકાસ માટે ૩૨૮ કરોડ
- પશુપાલન ડેરી વિકાસ માટે ૩૬૫ કરોડ
- યુવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલિમ માટે ૨૦ કરોડ
- વડોદરામાં વિશ્વ કક્ષાના સ્પોર્ટ સંકુલ સંચાલન માટે ૧૦ કરોડ
- રાજયના ચાલીસ વિવેકાનંદ કેન્દ્રો માટે ૧૦ કરોડ
- સાંસ્કૃતિક સુવિધા કેન્દ્ર ઉભુ કરવા ૧૦ કરોડ

પલટી ખાતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૫ મુસાફરો પૈકી ૧૨ ને શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત મુસાફરોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્ત મુસાફરો પૈકી રાજસ્થાન શિહોલીના રહેવાસી પુનીત ગોપાલચંદ્ર બુધિયાને વધુ ગંભીર ઈજાઓ થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. અકસ્માતના બનાવ સંદર્ભે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્ટેશનની મુલાકાતે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યું હતું કે મુંબઈ સ્થિત વેસ્ટર્ન રેલ્વે હેડ ક્વાટર્સના ઉચ્ચ અધિકારીઓએ આજે કેપિટલ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન અધિકારીઓએ રેલ્વે સ્ટેશનની સ્થિતિ અંગે યોગ્ય અભ્યાસ કર્યો હતો. મુસાફરોને મળતી સુવિધાઓ સહીત અન્ય વિગતો પણ તપાસી હતી. અગાઉ મહામંડળ દ્વારા વડા-પ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ કેપિટલ સ્ટેશનને પાટનગર સમકક્ષ સુવિધાઓ પૂરી પાડવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર તરફ જતી ટ્રેનોને વાયા ગાંધીનગર દોડાવવા પણ રજૂઆત કરી હતી. આ ઉપરાંત મહેસાણા, પાટણ, આબુરોડની મેમુ ને પણ વાયા ગાંધીનગર લઈ જવા સુચવાયું હતું. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ ગાંધીનગર રેલ્વે સ્ટેશનને ન્યાય આપવા હેડ ક્વાટર્સના અધિકારીઓએ અભ્યાસ હાથ ધર્યો હોવાનું પણ મનાઈ રહ્યું છે. રેલ્વે સ્ટેશનને સુવિધાસભર બનાવવાની મહામંડળની દરખાસ્ત સંદર્ભે મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલે અગાઉ સંસદમાં રજૂઆત કરી હતી.